GBR-3667 Seat No. ________

# M. A. (Sem. I) Examination
## November / December – 2013
## CC-103 : મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપોનો અભ્યાસ
### (New Course)

Time : 3 Hours] [Total Marks : 70

૧ ફાગુકાવ્યના વિભાવના આપી, તેની સ્વરૂપગત વિશેષતાઓ જણાવો. ૧૪

**અથવા**

૧ ફાગુકાવ્યના વિકાસમાં જૈન કવિઓનું પ્રદાન ચર્ચો.

૨ 'વસંતવિલાસ' માં પ્રગટતી અજ્ઞાત કવિની કવિત્વશક્તિની લાક્ષણિક્તાઓ સદૃષ્ટાંત ચર્ચો. ૧૪

**અથવા**

૨ ટૂંક નોંધ લખો : ૧૪

(૧) 'વસંતવિલાસ' માં પ્રકૃતિનિરૂપણ.

(૨) 'વસંતવિલાસ' ની ભાષાશૈલી.

૩ આખ્યાનકાવ્યનું સ્વરૂપ સમજાવો. ૧૪

**અથવા**

૩ મહત્ત્વના કવિઓના પ્રદાનને આધારે આખ્યાનકાવ્યનો વિકાસ આલેખો. ૧૪

૪ 'કુંવરબાઈનું મામેરું' નાં આધારે પ્રેમાનંદની પાત્રનિરૂપણ કલાનો પરિચય આપો. ૧૪

**અથવા**

૪ ટૂંક નોંધ લખો : ૧૪

(૧) 'કુંવરબાઈનું મામેરું' માં રસ નિરૂપણ.

(૨) 'કુંવરબાઈનું મામેરું' માં પ્રગટતી વર્ણનકલા.

૫ નીચેનામાંથી કોઈપણ સાતના ટૂંકમાં ઉત્તર આપો : ૧૪

(૧) 'ફાગુ' શબ્દની વ્યુત્પત્તિ દર્શાવી, તેનો અર્થ આપો.

(૨) ફાગુમાં કઇ ઋતુનું અને કયા રસનું નિરૂપણ થાય છે ?

(૩) મધ્યકાળમાં રચાયેલાં ત્રણ જૈનેતર ફાગુકાવ્યના નામ આપો.

(૪) કડવું એટલે શું ? તેના ત્રણ ભાગ કયા કયા છે ?

(૫) મધ્યકાળના ત્રણ આખ્યાનકવિ અને તેમની એક એક કૃતિના નામ આપો.

(૬) પ્રેમાનંદના ઉત્તમ ગણાતા ચાર આખ્યાન જણાવો.

(૭) 'વસંતવિલાસ' ના આરંભે કવિ કોની સ્તુતિ કરે છે ? કેમ ?

(૮) 'વસંતવિલાસ' રચવા પાછળ કવિનો શો ઉદ્દેશ છે ?

(૯) 'વસંતવિલાસ' માં પ્રયોજાયેલાં કોઈપણ બે અલંકાર સદૃષ્ટાંત જણાવો.

(૧૦) 'કુંવરબાઈનું મામેરું' માં કયા કયા રસનું નિરૂપણ થયું છે ?

(૧૧) 'કુંવરબાઈનું મામેરું' માં તમને કયો પ્રસંગ વધારે ગમ્યો ? કેમ ?

(૧૨) 'દુઃખવેળા મને સંભારજે હું ધાઇ આવીશ તતકાલ' - એવું કોણ કોને ક્યારે કહે છે ?